# ગાંભોઈના તોરણીયા કંપા ગામની સીમમાંથી ફિલ્મી ઢબે પીછો કરી એલસીબી પોલીસે રૂ. એક લાખનો દારૂ ઝડપી પાડયો

## પોલીસે રૂ.૨,૧૬,૧૦૦/-નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૫

હિંમતનગર સહિત સાબરકાંઠા - અરવલ્લી જિલ્લામાં દારૂનું દૂષણ કેટલી હદ સુધી ફેલાયેલું છે તેનો અંદાજ દિનપ્રતિદિન સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના પોલીસ દફતરમાં દેશી - વિદેશી દારૂની હેરાફેરી અંતર્ગત નોંધાયેલા કરોડો રૂપિયાના મસમોટા આંકડા તથા દારૂના કેસો ઉપરથી જાણી શકાય છે. વળી , અરવલ્લી જિલ્લાના પોલીસ મથકમાંથી દારૂ ચોરીની કબૂલાત સાથે એલ.સી.બી હેડ ક્વાર્ટર કચેરીમાં ફરજ બજાવતા ૧૨ પોલીસ કર્મચારીઓની એક સાથે બદલી કરી દેવામાં આવ્યા બાદ સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાના પોલીસ વિભાગમાં હડકંપ મચી જવા પામી છે ત્યારે સાબરકાંઠા પોલીસ વિભાગ પણ ભારે સતર્કતા દાખવી ફિલ્મી ઢબે પીછો કરીને વિદેશી દારૂની હેરાફેરી કરનાર બુટલેગરો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા કવાયત હાથ ધરી છે.

પોલીસ મહાનિરીક્ષક



અભય ચૂડાસમા ગાંધીનગર તથા જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજરે સાબરકાંઠા જિલ્લામાં પ્રોહિબીશનને લગતા ગુનાઓ ને અંકુશમાં લેવા સુચના આપી હતી સાબરકાંઠા એલસીબી પોલીસ સ્ટાફ સાથે ગતરોજ ગુરુવારે હિંમતનગર - વીરપુર બાયપાસ રોડ ઉપર પેટ્રોલિંગમાં હતી અને ખાનગી રાહે બાતમી મળી હતી કે એક સફેદ કલરની શેવરોલેટ કંપનીની ગાડી નં - જી.જે.૦૧.કે.જે.૮૦૧૬ ની અંદર પાછળની ડીકીમાં તથા સીટના નીચેના ભાગે વિદેશી દારૂ ભરી ઈડર થી હિંમતનગર બાઈપાસ રોડ તરફ નીકળેલ છે જે બાતમીના આધારે એલસીબી પોલીસે વીરપુર બાયપાસ રોડ ઉપર નાકાબંધી કરી હતી અને બાયપાસ રોડ ઉપરથી અવરજવર કરતા વાહનોનું ચેકિંગ હાથ ધર્યું હતું દરમિયાન બાતમી મુજબ ની ગાડી આવતા સમી સાંજે ગાડી રોકવાની કોશિશ કરતા ગાડી ચાલકે નાકાબંધી તોડી ગાડી સાથે આરટીઓ બાયપાસ રોડ તરફ ભાગી ગયો હતો દરમિયાન સદર ગાડીનો પીછો કરતા ગાંભોઈ ના તોરણીયા કંપા ગામની સીમમાં ગાડીનો ચાલક અંધારાનો લાભ લઈ ગાડી મૂકી ફરાર થઈ ગયો હતો પોલીસે ગાડીમાં તપાસ હાથ ધરતા પાછળ ની ડેકીના ભાગે તથા ગાડીની અંદર નીચેના ભાગે સંતાડી રાખેલ વિદેશી દારૂની જુદાજુદા બ્રાન્ડની બોટલ નંગ - ૨૬૮ કિં. રૂ. ૧,૧૬,૧૦૦/- ની મળી આવી હતી જેને પગલે પોલીસે વિદેશી દારૂ તથા ગાડી મળી કુલ કિંમત રૂ. ૨,૧૬,૧૦૦/- નો મુદ્દામાલ કબજે લઈ વિદેશી દારૂની હેરાફેરી કરનાર ફરાર આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# પ્રાંતિજ ખાતે પેટ્રોલ-ડીઝલના ભાવ વધારા સામે ટ્રકના પૈડા થંભ્યા

## કંપચી-રેતી એસોસિયેશન દ્વારા હડતાલ ઉપર ઉતર્યા

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પેટ્રોલ-ડીઝલ ના વધેલા ભાવ વધારા ને લઈ ને રેતી-કંપચી ના ધંધા સાથે સંકળાયેલ ટ્રાન્સપોર્ટ એસોસિયેશન દ્વારા ભાવ વધારા ને લઈ ને છેલ્લા પાંચ દિવસ થી હડતાલ ઉપર છે અને પેટ્રોલ-ડીઝલ ભાવ ઘટાડવાની માગ કરી રહ્યા છે.

પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારો થતા તેની અસર ઠેરઠેર જોવા મળી રહી છે ત્યારે પ્રાંતિજ ના તાજપુર કૂઈ ખાતે પણ કંપચી-રેતીનો ધંધો કરતા એસોસિયેશન દ્વારા પણ છેલ્લા પાંચ દિવસ થી હડતાલ ઉપર ઉતર્યા છે અને હડતાલ ઉપર ઉતરતા ટ્રકના પૈંડા પણ થંભી ગયા છે તો કંપચી-રેતી નો ધંધો કરતા એસોસિયેશન દ્વારા જણાવવામા આવ્યુ છે કે પેટ્રોલ-ડીઝલ ના ભાવો વધારો થતા દરેક ધંધા ઉપર અસર જોવા મળી છે અને અગાઉ કોરોના ને લઈને અમે બેસી રહ્યા છીએ અને પાછુ ચાલુ થતા પેટ્રોલ-ડીઝલ ના તોતીંગ ભાવ વધારા અમારા ધંધાઓ ઉપર અસર પડી છે અને જો વધારે ભાવ માગીએ તો અમને મલતા નથી અને આપતુ નથી અને ભાવ



વધારો કરીએ તો ગ્રાહકોને પણ પરવડે તેમ નથી તો બીજીબાજુ પેટ્રોલ-ડીઝલ ના ભાવો ની સાથે ઓઈલ, ટાયર, સ્પોર્ટસ સહિતના ભાવોમા વધારો થતા અમારે ઘર ના મુકવાના આવે તેવી સ્થિતિ પેદા થાય છે જેથી સરકાર દ્વારા ઝડપ થી ભાવ વધારો પરત લે પેટ્રોલ-ડીઝલ મા ભાવ ઘટાડો કરે તેવી માંગ પણ ઊઠવા પામીછે અને અમે પણ પ્રાંતિજ તાલુકામા રેતી-કંપચીનો ધંધો કરતા તમામે તમામ અમારા ઉપલા એસોસિયેશનોની સાથે ભાવ વધારા ની વિરોધ મા છીએ અને છેલ્લા પાંચ દિવસથી ધંધા રોજગાર બંધ રાખ્યા છે અને રેતી-કંપચી ના ધંધા સાથે ટ્રક ના પૈંડા છેલ્લા પાંચ દિવસથી અચોક્કસ મુદતને લઈ ને થભી ગયા છે.

# ભિલોડા નવી વસવાટ ખાતે નેત્ર નિદાન કેમ્પ યોજાયો



ભિલોડા, તા.૫

ભિલોડા નવી વસવાટમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. અંધજન મંડળ,સમતા વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ, અમદાવાદ, ઉદય સેવા સંસ્થાન, ભિલોડા દ્વારા આયોજીત શ્રી વીર ભાથીજી મહારાજ, શ્રી મહાકાલી માતાજી મંદિર ટ્રસ્ટ, નવી વસવાટમાં મફત નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. નિષ્ણાંત ડૉક્ટરોએ ૧૦૫ દર્દીઓની આંખોની તપાસ કરી હતી.૧૫ દર્દીઓને મોતીયો હોઈ ઓપરેશન માટે અમદાવાદ, બારેજા હોસ્પિટલ લઈ જવામાં આવશે તેમ જણાવ્યું હતું. જરૂરીયાતમંદ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ, નંબરવાળા ચશ્મા અપાયા હતા. ઉદય સેવા સંસ્થાનના જીતેન્દ્રભાઈ ભાટીયા - એડવોકેટ,શંકરલાલ નિનામા, રાજેશભાઈ પટેલ, બિપીનભાઈ પ્રજાપતિ, શ્રી વીર ભાથીજી મહારાજ, શ્રી મહાકાલી માતાજી સેવા ટ્રસ્ટના રમેશભાઈ પરમાર, અરવિંદભાઈ કોટવાલ સહિત સેવાભાવી હોદ્દેદારો, કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### આ તો કેવો વિકાસ

# હાય રે મજબૂરી.... જયારે માતા-પિતા વ્હાલા સોયા પુત્રને ૭ હજાર રૂપિયામાં વેચી દેવા લાચાર બન્યા

મોડાસા, તા. ૫

ગતીશીલ ગુજરાત અને વાઈબ્રન્ટ ગુજરાત અને વિકાસના ફૂંકાતા બણગા વચ્ચે એક એવો કિસ્સો બહાર આવ્યો છે જે વાંચી ભલભલા કઠણ હૃદયના માનવીને પણ હચમચાવી નાખે તેમ છે કોરોના સંક્રમણ પછી ધંધા રોજગારી છીનવતા અનેક પરિવારોની હાલત કફોડી બની છે ગરીબ પરિવારોને ભૂખ્યા સુઈ રહેવાના દિવસો આવ્યા છે ગ્રામ્ય વિસ્તારોમાં મજૂરી કરી પેટિયું રળતા પરીવારનું ભરણપોષણ કઈ રીતે કરવું તે યક્ષ પ્રશ્ન બન્યો છે અરવલ્લી જીલ્લાના માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં વસવાટ કરતો શ્રમીક પરીવાર કોરોના સંક્રમણમાં ખાવાનાં ફાંફા પડતા તેમના ૧૦ વર્ષીય પુત્રને મોડાસાના ખંભીસર નજીક ઝૂંપડું બાંધી રહેતા પરિવારને ૭ હજાર રૂપિયામાં વેચી દીધું હતું ત્યારે છેલ્લા કેટલાક સમયથી બાળક ખંભીસર વિસ્તારમાં ફરતું રહેતા એક જાગૃત યુવકના ધ્યાને આવતા બાળકને ઉભું રાખી પૂછપરછ કરતા તેને તેના માતા-પીતાએ ૭ હજારમાં નજીક ઝૂંપડામાં રહેતા પરિવારને વેચી દીધું હોવાનું જણાવતા યુવક ચોકી ઉઠ્યો હતો અને અગમ ફાઉન્ડેશનનાં હેતલ પંડ્યાને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી બાળકનું રેસ્ક્યુ કરી ઘરે લાવી બાળકને સ્વચ્છ કરી નવા કપડાં પહેરાવી જીલ્લા બાળ સુરક્ષા વિભાગને સુપ્રત કર્યું હતું.

અગમ ફાઉન્ડેશનના હેતલ પંડ્યા અને બાળ સુરક્ષા અધિકારીએ બાળકની પૂછપરછ કરતા તે માલપુર તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં રહેતો હોવાનો અને થોડા સમય પહેલા તેના માતા-પિતાએ ૭ હજાર રૂપિયાના ખંભીસર નજીક ઝૂંપડામાં રહેતા પરિવારને વેચી દીધો હતો અને ખરીદનાર શ્રમિક પરિવાર તેની પાસે શક્ય મજૂરી કરાવતા હોવાનું જણાવ્યું હતું બાળકની ખરીદી કરનાર ગરીબ પરિવારને કાયદાકીય ગુન્હો બનતો હોવાનું



જણાવતા ફફડી ઉઠ્યા હતા અને બાળકના માતા પિતાએ સામેથી બાળકને તેમના ત્યાં મજૂરી માટે મુક્યો હોવાનું જણાવ્યું હતું અને આજીજી કરવા લાગ્યા હતા બીજીબાજુ અગમ ફાઉન્ડેશન અને બાળ સુરક્ષા વિભાગે બાળક વેચનાર માતા-પિતાનો સંપર્ક કરી મળવા બોલાવ્યા હોવાની માહીતી પ્રાપ્ત થઈ હતી.

અગમ ફાઉન્ડેશનના ચેરમેન હેતલ પંડ્યાના જણાવ્યા અનુસાર તેમને તેમના સબંધી યુવકે ખંભીસર નજીક એક ગરીબ બાળક મળી આવ્યું હોવાનું અને તેના માતા-પિતા એ નજીક ઝૂંપડામાં રહેતા પરિવારને વેચી દીધું હોવાની જાણકારી આપતા તાબડતોડ ખંભીસર નજીક જે સ્થળે બાળક સાથે વાત કરતા તેને થોડા સમય પહેલા માતા-પિતાએ આ લોકોને ૭ હજાર રૂપિયામાં વેચી દીધો હોવાનું જણાવતા તેમને અરવલ્લી જીલ્લા બાળ સુરક્ષા અધિકારી બિહોલાનો સંપર્ક કરતા તેમની ટીમ સાથે દોડી આવ્યા હતા અને બાળકનું રેસ્કયુ કરી બાળકને સ્વચ્છ કરી સાંત્વના અપાતા તેના પરિવાર અંગે પૂછપરછ કરતા માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારનું નામ આપતા તેના માતા-પિતાનો સંપર્ક કરી શુક્રવારે બાળ સુરક્ષા અધિકારી કચેરી બોલાવ્યા હોવાનું જણાવ્યું હતું હાલ તો બાળકને તંદુરસ્ત વાતાવરણ મળી રહે અને બાળક અભ્યાસ કરતુ થાય તેવા પ્રયત્નો હાથધર્યા હોવાનું જણાવ્યું હતું

# જૂતાંની ચમક નીચે ફરજિયાત શિક્ષણ દબાયું

## જિલ્લામાં ભણવાની ઉમરે બૂટ પોલીસ કરતાં બાળકો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૫

ફરજિયાત શિક્ષણ ની ગુલબાંગો વચ્ચે દેશની ભાવિ પેઢી ભણવાની ઉમરે બૂટ પોલીસ કરવા મજબૂર બની છે.જિલ્લામાં બાળ અધિકારના કાયદા કાગળ ઉપર સીમિત રહી જતાં અસંખ્ય બાળકો પુસ્તકો વાંચવા ના બદલે પઘરખા ચમકાવતા જોવા મળી રહ્યાં છે.બૂટ પોલીસ કે અન્ય મજૂરી કરી ઘરનું ગુજરાન ચલાવતા બાળકો ના પુનર્વસન ની વાતો નો ગુબ્બારો ફૂટી ગયો છે.જેથી બજારો થી માંડી સરકારી કચેરી ઓ સુધી રખડી બાળકો સરકારી બાબુ અને મોટા સાહેબોના બૂટ ચમકાવવા માટે મજબૂર બની ગયા છે બંને જિલ્લા માં ફરજિયાત શિક્ષણ ની અધિકાર જૂતાં ની ચમક નીચે દબાઈ ગયો હોય એવું લાગી રહ્યું છે.



# જાદર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખાતે વિવિધ રમત સ્પર્ધાઓનું આયોજન

નેત્રામલી, તા. ૫

સરકારી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, જાદર, ખાતે તા.૦૩/૦૩/૨૧ ને બુધવારના રોજ કૉલેજના વિદ્યાર્થીઓ માટે સપ્તધારા અંતર્ગત ખેલકૂદ વ્યાયામ-યોગધારામાં બેડમિન્ટન, ખો-ખો, કેરમ, દોડ, લીંબુચમચી અને સંગીત ખુરશી જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક સહભાગી બન્યા હતા. આ સ્પર્ધાઓમાં કૉલેજના પ્રાધ્યાપકશ્રીઓ દ્વારા નિર્ણાયકની ભૂમિકા બજાવીને વિદ્યાર્થી સ્પર્ધકોને વિજેતા જાહેર કર્યા હતા.આ સમગ્ર સ્પર્ધાઓનું આયોજન ખેલકૂદ વ્યાયામ-યોગધારાના સંયોજક ભાવેશ પ્રજાપતિ, સહ સંયોજક એ.એ.શેખ, તેમજ આ ધારાના સભ્ય રવિ મહેતા અને વિનિતા સાંદુએ કૉલેજના પ્રિન્સિપાલ આર.જી.મેઘનાથી અને સપ્તધારાના કૉ-ઓર્ડિનેટર એચ.એસ.સુથારના માર્ગદર્શનમાં કર્યું હતું.

# ભિલોડા ગ્રામ પંચાયત વિસ્તારમાં ટાઉન હોલ બનાવા સંદર્ભે માંગણી ઉદ્ભવી

ભિલોડા, તા.૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે ગ્રામ પંચાયત વિસ્તારમાં ટાઉન હોલ બનાવા સંદર્ભે લોકમાંગણી ઉદ્ભવી છે. અંદાજીત ૨૦,૦૦૦થી વધુ વસ્તી ધરાવતા ભિલોડા ગામમાં દરેક સમાજના પ્રજાજનો વસવાટ કરે છે.પુર્વ સરપંચ,ભિલોડા ગ્રામ પંચાયત, ભીખાભાઈ સી. ભાટીયા, જાગૃત ગ્રામજનોએ જણાવ્યું હતું કે સર્વે નંબર. ૧૧૮ વાળા નવી વસવાટ (માલાવાવ) સામે ગ્રામ પંચાયત સંચાલિત પાણીની ટાંકી સુધીની જે જમીન આવેલી છે ત્યાં ગ્રામ પંચાયત ધ્વારા અદ્યતન સુવિધાસભર ટાઉન હોલ બનાવવા માટે ગ્રામ પંચાયતમાં ઠરાવ કરીને ટાઉન હોલ બનાવવા સંદર્ભે ન્યાયિક લેખિતમાં રજુઆત કરાઈ છે. દરેક સમાજના પ્રજાજનો માટે ટાઉન હોલ ઉપયોગ થઈ શકે,ગ્રામ પંચાયતને કાયમી ધોરણે આવક થાય તેવા મુખ્ય ઉદ્દેશથી રજુઆત કરાઈ છે. ગ્રામ પંચાયત વિસ્તારના મધ્ય ભાગમાં આવી બીજી કોઈ મોકાની ખુલ્લી જમીન આવેલ નથી? સમાજના દરેક પ્રજાજનોને ઉપયોગી થઈ શકે તેમ છે.ભિલોડા તાલુકા મથક ખાતે અદ્યતન સુવિધાસભર ટાઉન હોલ બનાવવા સંદર્ભે લોકફાળો આપવા જાગૃત ગ્રામજનો સહમત હોઈ તેમ જણાવ્યું હતું. વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ ધ્વારા વહેલી તકે ટાઉન હોલ બનાવવા સંદર્ભે ઝડપી કાર્યવાહી હાથ ધરવા ભારપુર્વક અનુરોધ કર્યો હતો.

# સાબરકાંઠા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખે કોરોના વેકસીન લીધી

બાયડ, તા. ૫

જિલ્લા સિનિયર સિટીઝન માટે કોરોના વેકસીનેશન આરોગ્ય વિભાગ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે. ત્યારે સાબરકાંઠા જિલ્લા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક આચાર્ય સંઘના પ્રમુખ મહેન્દ્રભાઈ બી. પટેલે શુક્રવારે હમીરપુરા આરોગ્ય કેન્દ્રમાં કોરોના વેકસીન લીધા પછી ૩૦ મિનિટ ઓબ્ઝર્વેશન હેઠળ મૂકવામાં આવ્યા હતા. તેઓએ તમામ શિક્ષકો, આચાર્યો અને સિનિયર સિટીઝનને કોઈ પણ પ્રકારના ડર વગર વેકસીન લેવા જણાવ્યું હતું.



# આકરૂન્દ ગ્રામ પંચાયતના મહિલા સરપંચે કોરોના વેકસીન લીધી

બાયડ, તા. ૫

ધનસુરા તાલુકાના આકરૂન્દ ગ્રામ પંચાયતના મહિલા સરપંચ લલીતાબેન એમ પટેલએ કોરોના વેકસીન લઈ અન્ય સિનિયર સિટીઝનને કોઈ પણ પ્રકારની ગેરસમજ રાખ્યા વગર કોરોના વેકસીન લેવા જણાવ્યું છે.



આકરૂન્દજ ગ્રામ પંચાયત દ્વારા કોરોના કાળમાં સોશ્યલ ડિસ્ટન્સીંગ, માસ્કનો ઉપયોગ સહીતની કોરોના ગાઈડલાઈનનો અમલ થતાં એકંદરે ઓછા કેસ નોંધાયા હતા. આરોગ્ય વિભાગ દ્વારા હવે સિનિયર સિટીઝનને કોરોના વેકસીન આપવાની શરુઆત થઈ છે ત્યારે આકરુન્દના પ્રથમ નાગરિક એ આકરુન્દ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કોરોના વેકસીન મુકાવી હતી.

# બાયડમાં ફાયર સેફ્ટી વગરની શાળાઓની માન્યતા રદ થશે

બાયડ, તા. ૫

રાજયમાં શાળા-ટ્યુશન કલાસીસ - હોસ્પિટલોમાં આગના બનાવો બન્યા પછી ફાયર સેફ્ટી મુદ્દે તંત્રએ આકરાં તેવર અપનાવ્યાં પરંતુ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૬૦થી વધુ શાળાઓ આજદીન સુધી ફાયર સેફ્ટીની સુવિધા ધરાવતી ન હોવાની માન્યતા રદની તલવાર લટકી છે. રાજયની ૫૧૯૯ શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધા ન હોવાની ચોંકાવનારી વિગત સામે આવી છે.

જિલ્લાના ભ્રષ્ટતંત્રએ ફાયર સેફ્ટીના મુદ્દે માત્ર પેપર વર્ક કર્યું છે. જિલ્લાની હોસ્પિટલો, મોલ, શોપિંગ - ટ્યુશન કલાસીસ, સરકારી - ખાનગી શાળાઓ પૈકી મોટાભાગના યુનિટમાં ફાયર સેફ્ટીની સુવિધાઓ નથી. જયાં સુધી સુવિધા ઊભી કરી છે તે માત્ર દેખાો છે. આગ લાગે ત્યારે કૂવો ખોદવા જવું પડે તેવી સ્થિતિ છે. ત્યારે સરકારની ફાયર સેફ્ટી મુદ્દે નિષ્ક્રિયતાથી ગુજરાત હાઈકોર્ટ ખભા છે. શાળાઓમાં ફાયર સેફ્ટી ન હોવાથી શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કર્મચારીઓ સામે જોખમ ઊભું થયું છે. તેથી હાઈકોર્ટ દ્વારા ફાયર સેફ્ટી વગરની શાળાઓની માન્યતા રદ કરવાની ફટકાર લગાવી છે અને શાળા સંચાલકોની પણ મુશ્કેલી વધી શકે છે.

# તલોદ પોલીસ સ્ટેશનના પ્રોહી એક્ટ ગુનાના આરોપીને પાસા હેઠળ સુરતની લાજપોર જેલ મોકલાયો

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૫

સાબરકાંઠા જિલ્લામાં બનતા પ્રોહી એકટ મુજબના ગુનાઓ અટકાવવા સંબંધીત પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજર દ્વારા સૂચના અપાઈ હતી નાયબ પોલીસ અધિક્ષક કે.એચ. સૂર્યવંશી તથા એમ ડી ઝાલા સર્કલ પોલીસ ઈન્સ્પેકટરના માર્ગદર્શન હેઠળ તલોદ પોલીસ સ્ટેશનના પ્રોહી એક્ટ કલમ ૬૫-ઈ,૧૧૬બી મુજબના આરોપી ફેજલમિયા યુસુફમિયા રાઠોડ (મુસ્લિમ) ઉ.વ.૨૧ રહે હરસોલ - દાંણીવાડા, તાલુકો- તલોદ , જીલ્લો - સાબરકાંઠા ને ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ



અટકાવવા બાબત ના અધિનિયમ ૧૯૮૫ની કલમ ૩(૧) મુજબ અટકાયત કરવા જિલ્લા મેજિસ્ટ્રેટ સાબરકાંઠાના હુકમ કરવા માટે પ્રપોઝલ તૈયાર કરી નાયબ પોલીસ અધિક્ષક મારફતે મોકલવામાં આવતા આરોપી ફેજલ મિયા યુસુફમિયા રાઠોડ ને જિલ્લા મેજીસ્ટ્રેટ સાબરકાંઠા એ કરેલા હુકમ ના આધારે પાસા હેઠળ અટકાયત કરી સુરત લાજપુર જેલ ખાતે મુકવાનો હુકમ કરતાં આરોપીનો કોરોના ટેસ્ટ કરાવી તારીખ ૩ માર્ચ ૨૦૨૧ ના રોજ ડિટેઈન કરી પોલીસ જાપ્તા હેઠળ સુરત મધ્યસ્થ લાજપુર જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો